આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૧૭-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-જમ્મુ કાશ્મીર આંતકવાદ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઈકાલે જણાવ્યુ હતું કે, નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદીઓ પર કડક કાર્યવાહી કરીને એક ઉદાહરણ પ્રસ્થાપિત કરવા પ્રતિબદ્ધ છે. નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતાં તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને મિશન મોડમાં કામ કરવા અને સંકલિત રીતે ઝડપી પ્રતિસાદ આપવા નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સામેની લડાઈ તેના નિર્ણાયક તબક્કામાં છે

**(RNU અમદાવાદ)**

----------------------------------------------------------------------------

## રાજ્ય-પવન ઉર્જા ક્ષેત્રે-પ્રથમ સ્થાન

સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય પવન ઉર્જા ક્ષેત્રે પ્રથમ ક્રમે આવ્યું છે. તે બદલ ગુજરાત રાજ્યને પ્રતિષ્ઠિત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.

ભારત સરકારના નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે વૈશ્વિક પવન ઉર્જા દિવસ નિમિત્તે પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાતને માન્યતા આપી છે, અને સમગ્ર દેશમાં આ ક્ષેત્રે ગુજરાત પ્રથમ સ્થાને છે.

મે 2023 સુધીમાં 11 હજાર 823 મેગાવોટ સ્થાપિત પવન ઉર્જાની ક્ષમતા સાથે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે. પવન ઉર્જા ક્ષેત્રે રાજ્ય

સરકારની નીતિ, સક્રિય પગલાં અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણને કારણે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવ્યું છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં સરસાણા ખાતે SGCCI - (ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ)નો ૮૪મો પદગ્રહણ સમારોહ યોજાયો. તેમની સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી પાટિલે જણાવ્યું કે રાજ્ય સરકારની સરળ નીતિ, ઉદ્યોગો માટેના યોગ્ય વાતાવરણને કારણે ઔદ્યોગિક વિકાસમાં સુરત અગ્રેસર રહ્યું છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં ટ્રાફિક નિયમોને લગતી સમસ્યાઓનું ટૂંક સમયમાં નિવારણ લાવવાની ખાતરી આપી હતી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## CBIC-જાગૃતી અભિયાન

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે દેશમાં વધતી જતી નાણાકીય છેતરપિંડીને અટકાવવા જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. આ ઝુંબેશ હેઠળ અખબારો, મોબાઇલ સંદેશાઓ, ઇમેઇલ્સ અને સોશિયલ મીડિયા સહિત અનેક પ્લેટફોર્મ દ્વારા સામાન્ય લોકોને આ નાણાકીય છેતરપિંડીથી બચાવવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## વરસાદ-રાજ્ય

રાજ્યમાં હવામાન ખાતાની આગાહીના પગલે અનેક સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે વહેલી સવારે સૌરાષ્ટ્રમાં વરસાદ શરૂ થયો હતો. પોરબંદરમાં પોણા ત્રણ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જેને પગલે રોડ રસ્તા પર પાણી ફરી વળ્યા હતા.

દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં સાડા સાત ઇંચ વરસાદ થયો છે. ધોધમાર વરસાદના પગલે જનજીવન પ્રભાવિત થયું. જળાશયોમાં નવા નીર આવ્યા છે. ખેતરોમાં પાણી ભરાઇ ગયા છે. સારો વરસાદ થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## વરસાદ-કચ્છ

કચ્છ જિલ્લામાં પણ ગઈકાલે મેઘરાજાએ હેત વરસાવ્યુ હતું. પશ્ચિમ કચ્છના નખત્રાણા,લખપત, ભુજ, માંડવી, મુંદરા અને અંજાર તાલુકામાં સામાન્ય ઝાપટાથી લઈ દોઢ ઈંચ વરસાદ થયો હતો. જેઠ મહિનાના શુકનવંતા વરસાદથૂ ખેડુતો સહિત લોકોમાં આનંદની લાગણી વ્યાપી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ જિલ્લામાં હળવાથી ભારે વરસાદ થવાની  સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

**(NP/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------------

## કચ્છ-બકરી ઈદ

આજે સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં ઇદ-ઉલ-અઝહા બકરી ઈદની ઉજવણી કરવામાં આવી રહી છે. બકરી ઇદ સાથે  કુરબાની ની ગાથા સંકળાયેલ છે. આજે ભુજમાં હમીરસર કિનારે મુખ્ય ઇદગાહ ખાતે  ઇદ નમાઝ અદા કરવામાં આવશે.

ભુજ ઉપરાંત જિલ્લાભરની  મસ્જિદોમાં ઇદની નમાજ પછી અરસ પરસ ઇદ મુબારકની આપલે કરવામાં આવશે.

**(ચદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------

## ક્રિકેટ-ICC-T-20

અમેરીકા અને વેસ્ટઈન્ડીઝમાં રમાઈ રહેલી આઈ.સી.સી. પુરૂષ ટી-20 ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધામાં ગઈકાલે ઓસ્ટ્રેલીયાએ સ્કોટલેન્ડ પર જયારે ઈંગલેન્ડે નામેબિયા પર વિજય મેળવ્યો હતો.ભારત  સુપર-8 તબક્કાની પ્રથમ મેચ તારીખ 20 જુનના અફઘાનિસ્તાન સામે રમશે.

**(NP/આશુતોષ અંતાણી)**

---